Extra No. 94

सत्यमेव जयते

The Gujarat Government Gazette
EXTRAORDINARY
[PUBLISHED BY AUTHORITY]

Vol. LXVII] MONDAY, MARCH 30, 2026 / CHAITRA 9, 1948

Separate paging is given to each part of the supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation

PART -I
SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

જાહેરનામું

ગુજરાત પોલીસ અધિનિયમ ૧૯૫૧ની કલમ-૩૩(૧)(બી) અન્વયેનો

ન.પીઓએલ/૨/જાહેરનામાં/એસ.આર./૩૫/૨૬-કાર્યપાલક ઈજનેરશ્રી, સ્ટેટ્રીય ધોરીમાર્ગ વિભાગ, વડોદરાના તા.૦૯/૦૩/૨૦૨૬ ના પત્રથી રાષ્ટ્રીય ધોરીમાર્ગ-૬૪ પર આણંદ જિલ્લાના બોરસદ ગામે સુર્યમંદિર પાસે આવેલ માઈનોર બ્રીજ અતિભારે વરસાદથી નુકશાન થવાને કારણે જુનુ સ્ટ્રકચર નું સંપુર્ણ ડેમોલીશન કરવાનું હોય, જેથી ઉક્ત માઈનોર બ્રીજ ઉપરથી પસાર થતો તમામ પ્રકારના વાહનોની અવારજવાર માટે ટ્રાફીક ડાયવર્ટ કરવા જાહેરનામું બહાર પાડવા દરખાસ્ત કરેલ હતી. જે પરત્વે સબ ડિવીઝનલ મેજીસ્ટ્રેટશ્રી, બોરસદનાઓએ તેમના પત્ર નં.પીઓએલ/ડાયવર્ઝન રીપોર્ટ/વશી/-, તા.૧૬/૦૩/૨૦૨૬ તથા પોલીસ અધિક્ષકશ્રી, આણંદનાઓએ તેમના પત્ર નં.સીબી-૫/રા.ધો. માર્ગ-૬૪/૬૩૪૪/૨૬, તા. ૧૭/૦૩/૨૦૨૬ થી વૈકલ્પિક માર્ગ સાથે જાહેરનામુ પ્રસિધ્ધ કરવા અભિપ્રાય અત્રે મોકલી આપેલ છે.

વાસ્તે, હું ઋતુરાજ દેસાઈ (G.A.S), અધિક જીલ્લા મેજીસ્ટ્રેટ, આણંદ ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૩(૧) (બી) અન્વયે મને મળેલ સત્તાની રૂઈએ આ આદેશની તા.૧૮/૦૩/૨૦૨૬ થી તા.૧૬/૦૪/૨૦૨૬ સુધી રાષ્ટ્રીય ધોરીમાર્ગ-૬૪ પર આણંદ જિલ્લાના બોરસદ ગામે સુર્યમંદિર પાસે આવેલ માઈનોર બ્રીજ ઉપરથી પસાર થતા તમામ પ્રકારના વાહનોની અવર-જવર ઉપર સંપૂર્ણ પ્રતિબંધ ફરમાવુ છું તથા તે રસ્તા ઉપરથી પસાર થતાં વાહનોને નીચે જણાવેલ માર્ગોએ વાળવા (ડાયવર્ટ કરવા) હુકમ કરું છું.

હયાત રૂટ:-

બોરસદથી વાસદ તરફ નો રાષ્ટ્રીય ધોરીમાર્ગ-૬૪ (બોરસદ ગામે આવેલ સુર્યમંદીર નજીક જર્જરીત માઈનોર બ્રિજના સ્થળ ઉપર)

સુચિત વૈકલ્પિક રૂટ-

બોરસદ આણંદ ચોકડી થી સિંગલાવ ચાર રસ્તા થી ડાબી બાજુ વળી ત્યાંથી ૧૦૦ ફુટ રોડ ઉપરથી છોટાલાલ પાર્ક ચાર થી રાઠોડ ચોકડી ૧૦૦ફુટ રોડ થઈને રાઠોડ ચોકડી પસાર કરી ત્યાંથી આગળ આવતી પાણી ની ટાંકી ત્રણ ૨૨તા થી જમણી બાજુ વળી જતા બોરસદ વાસદ ચોકડી તથા ડાબી બાજુ વળતા બોરસદ વાસદ હાઈવે તરફ જઈ શકશે.

હયાત રૂટ:-

બોરસદ વાસદ ચોકડી થી બોરસદ આણંદ ચોકડી તરફ નો રાષ્ટ્રીય ધોરીમાર્ગ-૬૪(બોરસદ ગામે આવેલ સુર્યમંદીર નજીક જર્જરીત માઈનોર બ્રિજના સ્થળ ઉપર)

સુચિત વૈકલ્પિક રૂટ:-

બોરસદ વાસદ ચોકડી થી બોરસદ વાસદ તરફ ના રોડ ઉપર જતા આગળ પાણી ની ટાંકી થી ડાબી બાજુ વળતા ત્યાંથી બોરસદ રાઠોડ ચોકડી ૧૦૦ ફુટ રોડ ઉપર આગળ જતા છોટાલાલ પાર્ક ચાર રસ્તા થી આગળ જતા સિંગલાવ ત્રણ રસ્તાથી જમણી બાજુ વળી ત્યાંથી વાસદ -ધર્મજ હાઈવે રોડ આવી શકે તથા ડાબી બાજુ વળી આગળ જતા બોરસદ સિંગલાવ ચાર રસ્તા થી જમણી બાજુ વળીને આગળ જતા બોરસદ આણંદ ચોકડી ચારરસ્તા તરફ જઈ શકશે.

હયાત રૂટ:-

રાષ્ટ્રીય ધોરીમાર્ગ-૬૪ ઉપર બોરરાદ વાસદ ચોકડી થી બોરસાદ આણંદ ચોકડી તરફ તથા બોરસદ આણંદ ચોકડી થી બોરરાદ વારાદ ચોકડી તરફ જતા ભારે વાહનો માટે વૈકલ્પીક રૂટ ઉપર જઈ શકશે.

સુચિત વૈકલ્પિક રૂટ:-

(૧) બોરસદ વાસદ ચોકડી થી બોરસદ આણંદ ચોકડી તરફ જતા ભારેવાહનો માટે બોરરાદ વાસદ ચોકડી થી જમણી બાજુ બોરસદ વાસદ હાઈવે રોડ ઉપર આગળ ચાલી ત્યાંથી બોરસાદ વઘવાલા ટી-પોઈન્ટ થી ડાબી બાજુ વળી વાસદ થી ધર્મજ તરફ જતા હાઈવે ઉપર આગળ ચાલી પામોલ બ્રીજ નીચે આવેલ સર્વિસ રોડ ઉપર આગળ ચાલી ત્યાંથી બોરરાદ આણંદ બ્રીજ ચાર રસ્તા થી જમણી બાજુ આણંદ તરફ જવાય તથા ત્યાંથી ડાબી બાજુ વળતા બોરસદ આણંદ ચોકડી તરફ જઈ શકશે.

(૨) બોરસદ આણંદ ચોકડી થી બોરસદ વાસદ ચોકડી તરફ જતા ભારે વાહનો માટે બોરસદ આણંદ ચોકડી થી આણંદ તરફ જતા આણંદ બ્રીજ ચાર રસ્તાથી જમણી બાજુ સર્વિસ રોડ ઉપર આગળ ચાલી જતા ધર્મજ -વાસદ હાઈવે રોડ સાથે મળી આગળ ચાલી જતા દાવોલ બ્રીજ સર્વિસ રોડ ઉપર આગળ ચાલી ત્યાંથી જમણી બાજુ વળી દાવોલ થી વઘવાલા ટી-પોઈન્ટ સુધીના સર્વિસ રોડ નો ઉપયોગ કરી ત્યાંથી બોરસદ વાસદ ચોકડી તરફ ? જઈ શકશે.

આ હુકમની અમલવારી હેતુ નિયત રૂટ ઉપર કાર્યપાલક ઈજનેરશ્રી, રાષ્ટ્રીય ધોરીમાર્ગ વિભાગ, વડોદરાનાઓએ જરૂરી પોલીસ ગાર્ડ મુકી ટ્રાફીક ડાયવર્ઝન અંગે જરૂરી પ્રબંધ કરવાનો રહેશે.

આ હુકમનો ભંગ કરનાર વ્યક્તિ ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૧૩૧ હેઠળ શિક્ષાને પાત્ર થશે. આ હુકમ અન્વયે હેડ કોન્સ્ટેબલ કે તેનાથી ઉપરના દરજ્જાના પોલીસ અધિકારીશ્રીઓને જાહેરનામાના ભંગ બદલ ગુનો દાખલ કરવા અધિકૃત કરૂ છુ.

આજ તા. ૧૮ /૦૩/૨૦૨૬ ના રોજ મારી સહી તથા સિક્કો કરી આપ્યો.

ઋતુરાજ દેસાઈ
અધિક જીલ્લા મેજીસ્ટ્રેટ
આણંદ

હુકમ

ગુજરાત પોલીસ અધિનિયમના ૧૯૫૧ની કલમ ૩૩(૧)(ડીએ)(ડીબી) મુજબની

નં.પીઓએલ/૨/જાહેરનામા/એસ. આર. /૩૬ /૨૦૨૬.- આગામી તા. ૨૪/૦૩/૨૦૨૬ ના રોજ આણંદ જીલ્લામાં યોજાનાર ૧૧૧-ઉમરેઠ વિધાનસભા મત વિસ્તારની પેટા ચૂંટણી સંદર્ભે ચૂંટણી પ્રક્રિયા દરમ્યાન રાજકીય પક્ષો/ઉમેદવારો વિશાળ કટ આઉટ, જાહેરાત, આઈટમો, બેનર્સ વિગેરે ધ્વારા પૈસાની તાકાતનો આડંબર યુક્ત પ્રદર્શન ન કરે તે હેતુથી ભારતના ચૂંટણી પંચે નકકી કરેલ આચાર સંહિતા મુજબ નિયમન કરવું જરૂરી હોઈ,

હું ઋતુરાજ દેસાઈ, જી.એ.એસ., અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, આણંદને ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૩(૧) (ડીએ) (ડીબી) થી મને મળેલ સત્તાની રૂઈએ આણંદ જિલ્લામાં ૧૧૧-ઉમરેઠ વિધાનસભા મત વિસ્તારની પેટા ચૂંટણીના સંદર્ભે, ચૂંટણી લક્ષી જાહેરાત, પાટીયા, બેનર્સ, કટ આઉટ મુકવા માટે નીચે મુજબના નિયમો કરવા હુકમ કરૂ છું.

(૧) કોઈપણ રાજકીય પક્ષ / ઉમેદવાર / સંસ્થા અથવા વ્યકિત ધ્વારા કટ આઉટ, હોર્ડીંગ્સ, બેનર્સ, તોરણો, ધ્વજ, પતાકા વિગેરે કોઈ પણ જાહેર જગ્યાએ તેમજ જાહેર રસ્તા ઉપર મુકી શકાશે નહી. એટલે કે સરકાર, નગરપાલિકા કે સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓ વિગેરે હસ્તકની જાહેર જગ્યાએ (આવી જગ્યા કે મિલ્કત ભાડે આપી હશે તો પણ) મુકી શકાશે નહી.

(૨) જો કટ આઉટ હોર્ડીંગ્સ વિગેરે ખાનગી મિલ્કતની જગ્યાએ મુકવામાં આવે તો નીચે દર્શાવેલ શરતોનું પાલન થવું જોઈશે અને તો જ ખાનગી માલિકીની જગ્યાએ આવા કટ આઉટ / જાહેરાત / પાટીયા /બેનર્સ મુકી શકાશે.

(૧) કોઈપણ રાજકીય પક્ષ / ઉમેદવાર અથવા કોઈ વ્યકિતએ કોઈપણ ખાનગી સ્થળે કટ આઉટ, 1 જાહેરાત, પાટીયા, બેનર્સ વિગેરે મુકતા પૂર્વે જે તે જગ્યાના માલિકની લેખિત મંજુરી મેળવવાની રહેશે. તે અંગેની જાણ ચૂંટણી અધિકારીશ્રી/મદદનીશ ચૂંટણી અધિકારીશ્રીને તે લગાવ્યાના ત્રણ દિવસની અંદર કરવાની રહેશે.

(૨) કોઈપણ રાજકીય પક્ષ/ઉમેદવાર અથવા કોઈ વ્યકિતએ ખાનગી જગ્યામાં મૂકેલ કટ આઉટ, જાહેર પાટીયા, બેનર્સ વિગરેના સંદર્ભે જે તે જગ્યાના માલિકની લેખિત મંજુરી જિલ્લા ચૂંટણી અધિકારી, ચૂંટણી અધિકારી, મદદનીશ ચૂંટણી અધિકારી, પોલીસ અધિકારી અથવા આ અંગે અધિકૃત કરેલ હોઈ પણ અધિકારી જોવા માંગે ત્યારે તેઓ સમક્ષ રજુ કરવાની રહેશે.

(૩) આ અંગેનો ખર્ચ જે વિસ્તારમાં હોર્ડીંગ્સ કે કટ આઉટ વિગેરે મુકેલ હોય તે વિસ્તારના સંબંધકર્તા ઉમેદવારના ચૂંટણી ખર્ચમાં દર્શાવવાનો રહેશે.

(૪) ખાનગી મિલ્કતોમાં હોર્ડીંગ્સ, કટ-આઉટ વિગેરે મુકવા માટે સ્થાનિક કાયદાનુસાર સંબંધિત સત્તાધિકારી પરવાનગીની જરૂર હોય તેવા પ્રસંગે આવી પરવાનગી લીધેલી હોવી જોઈએ તથા આવા કટ આઉટ, જાહેરાંત, પાટીયા, બેનર્સ વિગેરે જે કોઈ સ્થળે મુકવામાં આવે તે વિસ્તારમાં અમલમાં હોય તેવા સ્થાનિક નિયમો અથવા પેટા નિયમોનું પાલન કરવાનું રહેશે.

આ જાહેરનામાનો અમલ આ હુકમની તા. ૧૫/૦૩/૨૦૨૬ થી ચૂંટણી પ્રક્રિયા પૂર્ણ થાય ત્યાં સુધી કરવાનો રહેશે.

કોઈ રાજકીય પક્ષ / ઉમેદવાર તથા કોઈ વ્યકિત ધ્વારા ઉકત નિયમોનો ભંગ કરી ચૂંટણી લક્ષી કટ-આઉટ જાહેરાત પાટીયા અથવા બેનર્સ પ્રદર્શિત કરવામાં આવશે તો તે ભારતીય ફોજદારી ધારાની કલમ. ૧૮૮ તથા ૧૯૧ મુજબ શિક્ષાને પાત્ર ઠરશે.

આજ રોજ તા ૧૮મી માર્ચ, ૨૦૨૬ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરી. હુકમ કરવામાં આવ્યો.

ઋતુરાજ દેસાઈ
અધિક જીલ્લા મેજીસ્ટ્રેટ
આણંદ

હુકમ

ગુજરાત પોલીસ અધિનિયમ ૧૯૫૧ના ૨૨માની કલમ ૩૩(૧)(થ)મુજબનો

નં. પીઓએલ/૨/જાહેરનામા/એસ.આર./૩૭/૨૦૨૬ આણંદ જીલ્લામાં ૧૧૧- ઉમરેઠ વિધાનસભા મત વિસ્તારની પેટા ચૂંટણી તા.૨૩/૦૪/૨૦૨૬ના રોજ યોજાનાર હોઈ આઆણંદ જિલ્લામાં વિધાનસભાની પેટા ચૂંટણી દરમ્યાન રસ્તામાં અથવા રસ્તા નજીક અથવા સાર્વજનીક કે ખાનગી જગ્યાઓમાં પ્રચાર કે અન્ય હેતુ માટે જાહેરમાં લાઉડસ્પીકર ધ્વારા જાહેર જનતાને ત્રાસ, જોખમ, ભય અથવા નુકશાન થતું અટકાવવા તેના ઉપયોગ માટે નિયંત્રણ હેતુસર ગુજરાત પોલીસ અધિનિયમ- ૧૯૫૧ ના ૨૨ માની કલમ-૩૩(૧)(થ) મુજબનું જાહેરનામું પ્રસિધ્ધ કરવું જરૂરી જણાય છે.

વાસ્તે, હું ઋતુરાજ દેસાઈ, જી.એ.એસ., અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, આણંદ ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૩૩ (૧) (થ) થી મને મળેલ સત્તાની રૂઈએ આણંદ જિલ્લામાં ૧૧૧-ઉમરેઠ વિધાનસભા મત વિસ્તારમાં આ હુકમની તા.૧૫/૦૩/૨૦૨૬ થી તા.૨૯/૦૩/૨૦૨૬ સુધી (બંને દિવસો સુધ્ધાંત) રસ્તામાં અથવા રસ્તા નજીક અથવા સાર્વજનીક કે ખાનગી જગ્યાઓમાં ચૂંટણી પ્રચાર કે અન્ય હેતુ માટે જાહેરમાં લાઉડસ્પીકર વગાડવા માટે નીચેના મુજબના નિયમોનું પાલન કરવા ફરમાવું છું.

નિયમ :-

(૧) કોઈપણ વ્યકિત જાહેર કે ખાનગી જગ્યાઓમાં સક્ષમ અધિકારીશ્રીની પરવાનગી મેળવ્યા સિવાય જાહેરમાં લાઉડસ્પીકર વગાડી શકશે નહીં. તેમજ જાહેર સભાઓમાં સ્થિત અને ચાલુ વાહનો પરના લાઉડ સ્પીકરોનો ઉપયોગ કરી શકાશે નહી.

(૨) લાઉડસ્પીકર વગાડવા સક્ષમ અધિકારીશ્રી તરફથી પરવાનગી મળ્યેથી લાઉડસ્પીકર ફક્ત સવારના ૬.૦૦ કલાકથી રાત્રીના ૧૦.૦૦ કલાક સુધી જ જાહેર જનતાને ત્રાસ, જોખમ, ભય અથવા નુકશાન ન થાય એવી રીતે વગાડવાનું રહેશે.

(૩) લાઉડસ્પીકર વગાડવાની પરવાનગી મળેલ હોય તેમ છતાં પરવાનગીના સ્થળ નજીક સરકારી કે અર્ધસરકારી કચેરીઓ, શૈક્ષણીક કે ધાર્મિક સંસ્થાઓ કે દવાખાના આવેલ હોય તો સદરહું કચેરીઓ, સંસ્થાઓની કામગીરીમાં કોઈપણ દખલગીરી ન થાય તે રીતે તદ્દન ધીમા અવાજથી વગાડવાની રહેશે.".

ઉપરોકત હુકમની ભંગ અગર ઉલ્લંધન કરનાર સખ્સ ગુજરાત પોલીસ અધિનિયમ -૧૯૫૧ ની કલમ-૧૩૧ (બી) (૩) મુજબ તથા ચૂંટણી અંગેના આચાર સંહિતાની જોગવાઈઓ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમ આણંદ જિલ્લામાં ૧૧૧-ઉમરેઠ વિધાનસભા મત વિસ્તારને લાગુ પડે છે.

આ હુકમની જાહેરાત વર્તમાનપત્રો / ગુજરાત સરકારશ્રીના અસાધારણ રાજ્ય પત્રમાં જાહેર કરીને પ્રસિધ્ધ કરવાનું ફરમાવું છું.

આજ તા.૧૮/૦૩/૨૦૨૬ના રોજ મારી સહી તથા કચેરીનો કરવામાં આવ્યા.

ઋતુરાજ દેસાઈ
અધિક જીલ્લા મેજીસ્ટ્રેટ
આણંદ

હુકમ

ગુજરાત પોલીસ અધિનિયમ ૧૯૫૧ ની કલમ-૩૭ (૧) (છ) અન્વયેનો હુકમ

નં.પીઓએલ/૨/જાહેરનામા/એસ.આર./૩૮/૨૦૨૬-આણંદ જીલ્લામાં ૧૧૧-ઉમરેઠ વિધાનસભા મતવિસ્તારની પેટા ચૂંટણી-૨૦૨૬ દરમ્યાન આણંદ જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઈ રહે અને કોઈ અનિચ્છનીય બનાવ ન બને તથા જિલ્લામાં ૧૧૧-ઉમરેઠ વિધાનસભા મતવિસ્તારમાં સંવેદનશીલ અને અતિસંવેદનશીલ વિસ્તારોમાં કોઈ અવળા પ્રત્યાઘાત ન પડે તે માટે ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૩૭(૧) (છ) મુજબનો હુકમ પ્રસિધ્ધ કરવો જરૂરી જણાય છે.

વાસ્તે, હું ઋતુરાજ દેસાઈ, જી.એ.એસ., અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, આણંદ સને ૧૯૫૧ ના ગુજરાત પોલીસ અધિનિયમની કલમ-૩૭ (૧) (છ) થી મને મળેલ અધિકારની રૂઈએ આણંદ જિલ્લામાં ૧૧૧-ઉમરેઠ વિધાનસભા મતવિસ્તારમાં આ હુકમની તા.૧૫/૦૩/૨૦૨૬ થી તા.૨૯/૦૩/૨૦૨૬ સુધી (બંને દિવસો સુધ્ધાંત) નીચેના કૃત્યો કરવાની મનાઈ ફરમાવું છું.

(૧) જે છટદાર ભાષણ આપવાની, ચાળા પાડવાથી અથવા નકલ કરવાથી તથા ચિત્રો, નિશાનીઓ, જાહેર ખબરો અથવા બીજા કોઈ પદાર્થ અથવા વસ્તુ તૈયાર કરવાથી, દેખાડવાથી અથવા તેનો ફેલાવો કર્યાથી અથવા જિલ્લા ચૂંટણી અધિકારીશ્રી ધ્વારા અધિકૃત કરાયેલ અધિકારી તથા સંબંધિત મતદાર વિભાગના નિવાર્ચન અધિકારી અથવા તેના ધ્વારા અધિકૃત કરાયેલ અધિકારીના અભિપ્રાય પ્રમાણે સુરૂચિ અથવા નીતિનો ભંગ થતો હોય અથવા રાજ્ય ની સલામતી જોખમાતી હોય અથવા જેને પરીણામે રાજ્ય ઉથલી પડવાનો સંભવ હોય તેવા છટાદાર ભાષણ આપવાની, તે ચાળા કરવાની અને તે ચિત્રો, તે નિશાનીઓ વિગેરે તૈયાર કરવાની, દેખાડવાની અથવા ફેલાવો કરવાના કૃત્યો.

આ હુકમ આણંદ જિલ્લામાં ૧૧૧-ઉમરેઠ વિધાનસભા મતવિસ્તારે માટે લાગુ પડે છે.

આ હુકમના કોઈપણ ખંડનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર વ્યકિત ૧૯૫૧ ના ગુજરાત પોલીસ અધિનિયમની કલમ-૧૩૫ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમની જાહેરાત નિર્દિષ્ટ વિસ્તારમાં સહેલાઈથી દેખી શકાય તેવી જગ્યાએ તેની નકલો ચોડાટીને, સ્થાનિક વર્તમાનપત્રમાં પ્રસિધ્ધ કરીને તથા સરકારશ્રીના અસાધારણ ગેઝેટમાં પ્રસિધ્ધ કરીને કરવાની રહેશે.

આજ તા. ૧૮/૦૩/૨૦૨૬ના રોજ મારી સહી તથા કચેરીનો કરવામાં આવ્યા.

ઋતુરાજ દેસાઈ
અધિક જીલ્લા મેજીસ્ટ્રેટ
આણંદ

હુકમ

ભારતીય નાગરીક સુરક્ષો સહિતા-૨૦૨૩ ની કલમ-૧૬૩ અન્વયેનો

નં.પીઓએલ/૨/જાહેરનામા/એસ.આર./૩૯/૨૦૨૬-ઉમરેઠ વિધાનસભાની પેટા ચૂંટણી-૨૦૨૬ની પ્રક્રિયા દરમ્યાન મુખ્ય નિર્વાચન અધિકારીશ્રી, નવી દિલ્હીના આદેશથી ચૂંટણી જાહેર થાય કે તુરત જ લાયસન્સવાળા શસ્ત્રોની હેરાફેરીની મનાઈ ફરમાવતા ભારતીય નાગરીક ન્યાય સંહિતા-૨૦૨૩ ની કલમ-૧૬૩ હેઠળના પ્રતિબંધાત્મક હુકમો બહાર પાડવાની સુચના આપેલ છે. સબબ, સમગ્ર ચુંટણી પ્રક્રિયા દરમ્યાન કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઈ રહે તથા કોઈ અનિચ્છનીય બનાવ ન બને અને તેના કોઈ પ્રત્યાઘાત ન પડે તેમજ મતગણતરી શાંતિ રીતે પુર્ણ થાય તે માટે ભારતીય નાગરીક ન્યાય સંહિતા-૨૦૨૩ ની કલમ-૧૬૩ મુજબ હુકમ કરવો જરૂરી જણાય છે.

વાસ્તે, હું ઋતુરાજ દેસાઈ, જી.એ.એસ., અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, આણંદ, ભારતીય નાગરીક ન્યાય સંહિતા-૨૦૨૩ ની કલમ-૧૬૩ મુજબ મને મળેલ સત્તાની રૂઈએ તા. ૧૫/૦૩/૨૦૨૬ થી તા.૦૬/૦૫/૨૦૨૬ સુધી ૧૧૧-ઉમરેઠ વિધાનસભા મત વિસ્તારમાં લાયસન્સવાળા શસ્ત્રોની હેરાફેરી ઉપર પ્રતિબંધ ફરમાવું છું. આ હુકમ નીચે જણાવેલ કિસ્સામાં લાગુ પડશે નહી.

(૧) ચૂંટણી ફરજ ઉપર હોય અને ફરજના ભાગરૂપે હથિયાર સાથે રાખવાનું જરૂરી હોય

(૨) બેન્ક / જાહેર સંસ્થા / ખાનગી સિક્યુરીટીના વોચમેનો કે જેઓને નાણાંકીય હેરફેર અને સુરક્ષા માટે હથિયારની જરૂરિયાત રહેતી હોય તેવી વ્યક્તિ.

આ હુકમનો ભંગ અથવા ઉલ્લંધન કરનાર ભારતીય ન્યાય સંહિતા- ૨૦૨૩ ની કલમ -૨૨૩ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

આથી, હું આદેશ આપું છું કે આ જાહેરનામાની જાહેરાત ઉપર જણાવેલ વિસ્તારોમાં સહેલાઈથી દેખી શકાય તેવી જગ્યાઓએ ચોટાડીને તથા સરકારશ્રીના અસાધારણ રાજ્ય પત્રમાં જાહેર કરીને પ્રસિધ્ધ કરવી.

આજ તા. ૧૮/૦૩/૨૦૨૬ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરી આપ્યો.

ઋતુરાજ દેસાઈ
અધિક જીલ્લા મેજીસ્ટ્રેટ
આણંદ

હુકમ

લોક પ્રતિનિધિત્વ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૧૨૭-ક અન્વયે.

નં.પીઓએલ/૨/જાહેરનામા/એસ.આર./૪૦/૨૦૨૬.- આગામી તા.૨૩-૦૪-૨૦૨૬ નાં રોજ આણંદ જીલ્લાની ૧૧૧-ઉમરેઠ વિધાનસભા મત વિસ્તારની પેટા ચૂંટણી યોજાનાર હોઈ, ચૂંટણીને લગતાં ચોપાનીયા, ભીંતપત્રો વગેરેના મુદ્રણ અને પ્રકાશન માટે લોક પ્રતિનિધિત્વ અધિનિયમ-૧૯૫૧ ની કલ્મ-૧૨૭-ક ની જોગવાઈઓ મુજબ નિયંત્રણો અમલમાં મુકવાનું જરૂરી જણાતું હોઈ, હું ઋતુરાજ દેસાઈ, જી.એ.એસ., અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, આણંદ નીચેની વિગતે પ્રતિબંધ મુકવા હુકમ કરું છું.

(૧) કોઈપણ વ્યકિત, જેના પર તેના મુદ્રક અને પ્રકાશનના નામ અને સરનામા ન હોય એવા ચૂંટણીને લગતા ચોપાનીયા કે ભીતપત્રો છાપી કે પ્રસિધ્ધી કરી શકાશે નહી અથવા છપાવી કે પ્રસિધ્ધ કરાવી શકાશે નહીં.

(૨) કોઈપણ વ્યકિત ચૂંટણીને લગતા ચોપાનીયા કે ભીતપત્રો છાપી શકશે નહી કે છપાવવાની વ્યવસ્થા કરી શકશે નહિ, સિવાય કે,

(ક) તેના સહીવાળા અને તેને અંગત રીતે ઓળખતા હોય એવા બે વ્યક્તિઓએ શાખ કરેલ, પ્રકાશકની ઓળખ અંગેના એકરારની બે નકલ તેણે મુદ્રકને આપી હોય અને

(ખ) લખાણ છપાયા પછી મુદ્રકે યોગ્ય સમયની અંદર લખાણની એક નકલ સાથે એકરાર પત્રની એક નકલ નીચેના મોકલી હોય,

(૧) ગુજરાત રાજ્ય ના પાટનગરમાં છપાવવામાં આવ્યુ હોય ત્યારે મુખ્ય ચૂંટણી અધિકારીને અને

(૨) બીજે પ્રસંગે, તે જે જિલ્લામાં છપાવવામાં આવ્યુ હોય તે જિલ્લાના જિલ્લા મેજીસ્ટ્રેટરે.

(૩) આ કલમ પુરતુ,

(ક) હાથે નકલો કરવા સિવાય લખાણની વધુ નકલો કાઢવાની કોઈપણ પ્રક્રિયા મુદ્રણ ગણાશે અને " મુદ્રક" એ શબ્દનો તે પ્રમાણે અર્થ થશે અને

(ખ) "ચુંટણીને લગતુ ચોપાનીયુ અથવા ભીતપત્ર" એટલે ઉમેદવાર કે ઉમેદવારના જુથના ચુંટણીની તકો વધારવા કે અસર પહોંચાડવા માટે વહેંચવામાં આવેલ હોઈ છાપેલુ ચોપાનીયુ, હેન્ડબિલ, સુત્ર પાટિયુ અથવા ચૂંટણીને લગતુ ભીંતપત્ર એવો અર્થ થાય છે. પરંતુ, માત્ર ચુંટણી સભાના તારીખ, સમય, સ્થળ અને બીજી વિગતો આપતા અથવા ચુંટણી એજન્ટ કે કાર્યકારોને કામકાજ અંગેની સુચનાઓ આપતા હેન્ડબીલ, સુત્ર પાર્ટીયા અથવા ભીંતપત્રોનો તેમાં સમાવેશ થતો નથી.

(૪) પેટા કલમ (૧) અથવા પેટા કલમ-(૨) ની કોઈપણ જોગવાઈનો ભંગ કરનાર વ્યકિત છ માસ સુધીની કેદ અથવા બે હજાર રૂપિયા સુધીના દંડની અથવા બંને શિક્ષાને પાત્ર થશે.

આજ તા. ૧૮/૦૩/૨૦૨૬ના રોજ મારી સહી તથા કચેરીનો કરવામાં આવ્યા.

ઋતુરાજ દેસાઈ
અધિક જીલ્લા મેજીસ્ટ્રેટ
આણંદ

હુકમ

ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા-૨૦૨૩ ની કલમ-૧૬૩ હેઠળના

નં. પીઓએલ/૨/જાહેરનામા/એસ.આર./૪૧ /૨૦૨૬ - આણંદ જીલ્લામાં તા.૨૩/૦૪/૨૦૨૬ ના રોજ ૧૧૧-ઉમરેઠ વિધાનસભા મત વિસ્તારની પેટા ચૂંટણી યોજાનાર છે. ભારતીય નિર્વાચન આયોગ, નવી દિલ્હીના પત્ર નં.437 / 6 / 2007 /(INST)/ PLN / III, તા. ૧૨/૧૧/૨૦૦૭ થી સામાન્ય ચૂંટણીઓ વખતે વિવિધ રાજકીય પક્ષોના ઉમેદવારો તથા અપક્ષ ઉમેદવારો ધ્વારા સ્થાનિક પ્રચાર માટે હંગામી કચેરીઓ શરૂ કરવામાં આવે છે. આવી કચેરીઓ માટે કેટલીક માર્ગદર્શક સુચનાઓ પ્રસિધ્ધ કરવા જણાવેલ છે. સદરહું સુચનાઓનું ચુસ્તપણે પાલન થાય તે માટે તથા તેના ઉલ્લંઘન બદલ કાયદેસરની કાર્યવાહી કરવા માટે જાહેરનામું પ્રસિધ્ધ કરવાનું ઉચિત જણાય છે.

વાસ્તે, હું ઋતુરાજ દેસાઈ, જી.એ.એસ., અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, આણંદ, ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા-૨૦૨૩ ની કલમ-૧૬૩ થી મને મળેલ અધિકારની રૂઈએ નીચે પ્રમાણે હુકમ ફરમાવું છું.

વિધાનસભાની સામાન્ય ચૂંટણી - ૨૦૨૨ દરમ્યાન કોઈપણ રાજકીય પક્ષના ઉમેદવારો કે અપક્ષ ઉમેવારો ધ્વારા ચૂંટણી પ્રચાર માટે હંગામી રીતે શરૂ કરવામાં આવતી કચેરીઓ માટે નીચે મુજબની સુચનાઓનું પાલન કરવાનું રહેશે.

(૧) કોઈપણ જાહેર કે ખાનગી મિલ્કતમાં દબાણ કરીને આવી કચેરી શરૂ કરી શકાશે નહીં.

(૨) કોઈપણ ધાર્મિક સ્થળ કે તેના કેમ્પસમાં આવી કચેરી શરૂ કરી શકાશે નહીં.

(૩) કોઈપણ શૈક્ષણિક સંસ્થા કે હોસ્પિટલને લગોલગ આવી કચેરી શરૂ કરી શકાશે નહીં.

(૪) હયાત મતદાન મથકની ૨૦૦ મીટરની ત્રિજ્યામાં આવી કચેરી શરૂ કરી શકાશે નહીં.

(૫) આવી કચેરીએ પક્ષનો ધ્વજ તથા પક્ષના પ્રતિક / ફોટોગ્રાફ સહિતનું બેનર પ્રદર્શિત કરી શકાશે.

(૬) આવી કચેરીએ ઉપયોગમાં લેવાના બેનરની સાઈઝ ૪X૮ ફુટથી વધુ ન હોવી જોઈએ અને જો સ્થાનિક કાયદાઓ મુજબ તેનાથી ઓછી સાઈઝ નકકી થયેલ હોય તો સ્થાનિક નિયમો મુજબ બંનેમાંથી ઓછી સાઈઝ ઉપયોગમાં લેવી.

(૭) આ હુકમ આણંદ જિલ્લામાં ૧૧૧-ઉમરેઠ વિધાનસભા મત વિસ્તારમાં લાગુ પડશે.

(૮) આ હુકમ તા. ૧૫/૦૩/૨૦૨૬ થી ચૂંટણી પ્રક્રિયા પૂર્ણ થયા સુધી અમલમાં રહેશે.

આ હુકમનો ભંગ કરનાર શખ્સ ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ ની કલમ-૨૨૩ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

આજ તા.૨૮/૦૩/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરવામાં આવ્યો.

ઋતુરાજ દેસાઈ
અધિક જીલ્લા મેજીસ્ટ્રેટ
આણંદ

હુકમ

ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા ૨૦૨૩ ની કલમ-૧૬૩ હેઠળનો હુકમ

નં.પીઓએલ/૨/જાહેરનામા/એસ. આર./ ૪૨ /૨૦૨૬- આણંદ જીલ્લામાં તા.૨૩-૦૪-૨૦૨૬ ના રોજ ૧૧૧-ઉમરેઠ વિધાનસભા મત વિસ્તારની પેટા ચૂંટણીઓ યોજાનાર છે. ભારતીય નિર્વાચન આયોગ, નવી દિલ્હીના પત્ર નં.૪૩૭ /INST / 2008 - CC & BE, તા. ૧૩/૦૪/૨૦૦૯ થી આચાર સંહિતાના પરિપાલનના ભાગરૂપે સરકારી તિજોરી / રાજ્ય ભંડોળમાંથી જાહેરાત કરવા ઉપર જરૂરી પ્રતિબંધો મુકવા જણાવેલ છે. આદર્શ આચાર સંહિતાના પેરા VII ના સબપેરા (iv) માં, કેન્દ્ર અથવા રાજ્ય સરકાર કક્ષાએ સત્તાધારી પક્ષના હિતોને મદદરૂપ થાય તે હેતુથી રાજકીય સમાચારોના અને સિધ્ધિઓના પ્રચારની જાહેરાત વર્તમાનપત્રો તથા અન્ય માધ્યમો ધ્વારા સરકારી ખર્ચે/જાહેર નાણાં ધ્વારા કરી શકાશે નહીં તેમ જણાવેલ છે.

વાસ્તે, હું ઋતુરાજ દેસાઈ, જી.એ.એસ., અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, આણંદ, ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા-૨૦૨૩ ની કલમ-૧૬૩ થી મને મળેલ અધિકારની રૂઈએ નીચે પ્રમાણે ફરમાવું છું.

(૧) આદર્શ આચારસંહિતાના અમલ દરમ્યાન મતદારો ઉપર અસર થઈ શકે તેવા કોઈપણ પક્ષ ધ્વારા કેન્દ્ર અથવા રાજ્ય સરકાર કક્ષાએ સત્તાધારી પક્ષના હિતોને મદદરૂપ થાય તે હેતુથી રાજકીય સમાચારોના અને સિધ્ધિઓના પ્રચારની જાહેરાત વર્તમાનપત્રો તથા અન્ય માધ્યમો ધ્વારા સરકારી ખર્ચે/જાહેર નાણાં ધ્વારા કરી શકાશે નહીં.

(૨) આદર્શ આચાર સંહિતાના અમલ દરમ્યાન મતદારો ઉપર અસર થઈ શકે તેવા કોઈપણ પક્ષ ધ્વારા રાજ્યની તિજોરી / ભંડોળમાંથી લગાવેલ તમામ હોર્ડીંગ્સ કે જાહેરાતો વગેરે તાત્કાલિક દૂર કરવાના રહેશે.

(૩) આદર્શ આચારસંહિતાના અમલ દરમ્યાન રાજ્ય ની તિજોરી કે ભંડોળમાંથી સમાચાર પત્રો કે ઈલેકટ્રોનિક મિડિયા કે અન્ય કોઈપણ પ્રકારે કોઈપણ પક્ષ ધ્વારા હાંસલ કરેલ સિધ્ધિઓની કોઈ જાહેરાત કરી શકાશે નહી.

(૪) આ હુકમ આણંદ જિલ્લામાં ૧૧૧-ઉમરેઠ વિધાનસભા મત વિસ્તારમાં લાગુ પડશે.

(૫) આ હુકમ તા.૧૫/૦૩/૨૦૨૬ થી તા.૦૬/૦૫/૨૦૨૬ સુધી અમલમાં રહેશે.

(૬) આ હુકમનો ભંગ કરનાર શખ્સ ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ ની કલમ-૨૨૩ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

આજ તા.૧૮/૦૩/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરવામાં આવ્યો.

ઋતુરાજ દેસાઈ
અધિક જીલ્લા મેજીસ્ટ્રેટ
આણંદ

હુકમ

ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા ૨૦૨૩ ની કલમ-૧૬૩ હેઠળનો

નં.પીઓએલ/૨/જાહેરનામા/એસ.આર./૪૩ /૨૦૨૬ - આણંદ જીલ્લામાં તા.૨૩/૦૪/૨૦૨૬ના રોજ ૧૧૧-ઉમરેઠ વિધાનસભા મત વિસ્તારની પેટા ચૂંટણીઓ યોજાનાર છે. ભારતીય નિર્વાચન આયોગ, નવી દિલ્હીના પત્ર નં.૪૬૪ / આઈએનએસટી /૨૦૦૭/પીએલએન-I, તા.૦૮/૦૨/૨૦૦૭ થી ઉમેદવારી કરતી વખતે ચૂંટણી અધિકારીશ્રીના કાર્યાલય ઉપર ઉમેદવારો ધ્વારા મોટી સંખ્યામાં વાહનો તથા તેમના સમર્થકો લાવવામાં આવતા હોવાના કારણે ઓવર ક્રાઉડીંગની સમસ્યા નિવારણ માટે તથા કાયદો અને વ્યવસ્થા જાળવવા માટે જરૂરી પ્રતિબંધો મુકવા જણાવેલ છે.

વાસ્તે, હું ઋતુરાજ દેસાઈ, જી.એ.એસ., અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, આણંદ, ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા-૨૦૨૩ ની કલમ-૧૬૩ થી મને મળેલ અધિકારની રૂઈએ નીચે પ્રમાણે ફરમાવું છું.

(૧) ઉમેદવારી કરતી વખતે ઉમેદવાર / વિવિધ રાજકીય પક્ષો / રસ ધરાવતા જુથો ધ્વારા લાવવામાં આવતા વાહનો પૈકી ફક્ત ત્રણ જ વાહનો ચૂંટણી અધિકારીશ્રીની કચેરીની ૧૦૦ મીટરની ત્રિજ્યામાં પ્રવેશને પાત્ર રહેશે.

(૨) ઉમેદવારી કરતી વખતે ચૂંટણી અધિકારીશ્રી / મદદનીશ ચૂંટણી નોંધણી અધિકારીશ્રીની રૂમમાં ઉમેદવાર સહિત બીજી ચાર વ્યકિતઓ જ (દરખાસ્ત મૂકનાર / ટેકેદાર સહિત) એટલે કે કુલ પાંચ વ્યક્તિઓ પ્રવેશી શકશે.

(૩) આ હુકમ આણંદ જિલ્લામાં ૧૧૧-ઉમરેઠ વિધાનસભા મત વિસ્તારમાં લાગુ પડશે.

(૪) આ હુકમ તા.૧૫/૦૩/૨૦૨૬ થી તા.૦૬/૦૫/૨૦૨૬ સુધી અમલમાં રહેશે.

(૫) આ હુકમનો ભંગ કરનાર શખ્સ ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ની કલમ-૨૨૩ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

અપવાદ:-

વડાપ્રધાન અને અન્ય રાજકીય નેતાઓ કે જેમને ઝેડ + સુરક્ષા આપવામાં આવી છે અને આંતકવાદીઓ તરફથી જાનનું જોખમ છે.

આજ તા.૧૮/૦૩/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરવામાં આવ્યો.

ઋતુરાજ દેસાઈ
અધિક જીલ્લા મેજીસ્ટ્રેટ
આણંદ

હુકમ

ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા ૨૦૨૩ ની કલમ-૧૬૩ હેઠળનો હુકમ

નં. પીઓએલ/૨/જાહેરનામા/એસ.આર./૪૪/૨૦૨૬ - આણંદ જીલ્લામાં તા.૨૩/૦૪/૨૦૨૬ ના રોજ ૧૧૧-ઉમરેઠ વિધાનસભા મત વિસ્તારની પેટા ચૂંટણી યોજાનાર છે. ભારતીય નિર્વાચન આયોગ, નવી દિલ્હીના પત્ર નં.૪૩૭ / ૬ / ૨૦૦૬ /પી.એલ.એન / III / (Vol. III), તા. ૨૩/૧૧/૨૦૦૭ થી ઉમેદવારો તથા રાજકીય પક્ષો ધ્વારા સક્ષમ અધિકારીશ્રીની પરવાનગી મેળવ્યા સિવાય અનઅધિકૃત રીતે વાહનોનો ઉપયોગ ચૂંટણી પ્રચાર માટે થતો અટકાવવા માટે જરૂરી પ્રતિબંધ મુકવા જણાવેલ છે.

વાસ્તે, હું ઋતુરાજ દેસાઈ, જી.એ.એસ., અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, આણંદ, ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા-૨૦૨૩ ની કલમ ૧૬૩ થી મને મળેલ અધિકારની રૂઈએ નીચે પ્રમાણે ફરમાવું છું.

(૧) ચૂંટણી પ્રચાર માટે ઉપયોગમાં લેવાના તમામ વાહનો ચૂંટણી અધિકારીશ્રીની પૂર્વ મંજુરી મેળવેલા જ હોવા જોઈશે તેમજ વાહન નંબર તથા ઉમેદવારનું નામ દર્શાવેલ અસલ પરમીટ દૂરથી જોઈ શકાય તેવી સાઈઝની વાહનના વીન્ડ સ્ક્રીન ઉપર લગાવેલ હોવી જોઈશે.

(૨) અસલ પરમીટ વિનાના કે ચૂંટણી અધિકારીશ્રીની પુર્વ મંજુરી મેળવ્યા સિવાયના વાહનો ચૂંટણી પ્રચારના હેતુ માટે ઉપયોગમાં લઈ શકાશે નહીં.

(૩) આ હુકમ આણંદ જિલ્લામાં ૧૧૧-ઉમરેઠ વિધાનસભા મત વિસ્તારમાં લાગુ પડશે.

(૪) આ હુકમ તા. ૧૫/૦૩/૨૦૨૬ થી તા.૦૬/૦૫/૨૦૨૬ સુધી અમલમાં રહેશે.

(૫) આ હુકમનો ભંગ કરનાર શખ્સ ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ની કલમ-૨૨૩ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

આજ તા. ૧૮/૦૩/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કચેરીનો સિકકો કરવામાં આવ્યો.

ઋતુરાજ દેસાઈ
અધિક જીલ્લા મેજીસ્ટ્રેટ
આણંદ

હુકમ

ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા-૨૦૨૩ ની કલમ-૧૬૩ અન્વયેનો હુકમ

નં. પીઓએલ/૨ જાહેરનામા/એસ.આર./૪૫/૨૦૨૬ - આણંદ જીલ્લામાં ૧૧૧-ઉમરેઠ વિધાનસભાની મત વિસ્તારની પેટા ચૂંટણી તા.૨૩/૦૪/૨૦૨૬ રોજ યોજાનાર છે. ભારતીય નિર્વાચન આયોગ, નવી દિલ્હી તરફથી વાહનોના ઉપયોગ સંબંધે આચારસંહિતા બહાર પાડવામાં આવેલ છે. જે ધ્યાને લેતાં ત્રણથી વધુ વાહનો કાફલા રૂપે જવા પર પ્રતિબંધ ફરમાવવાનું મુકત અને ન્યાયી વાતાવરણમાં ચૂંટણી થાય તે માટે જરૂરી જણાય છે.

વાસ્તે, હું ઋતુરાજ દેસાઈ, જી.એ.એસ., અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, આણંદ, ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા થી મને મળેલ અધિકારની રૂઈએ નીચે પ્રમાણે ફરમાવું છું.

(૧) ચૂંટણી પંચના આદેશ મુજબ નકકી થયેલ આચાર સંહિતાનો અમલ ચુસ્તપણે થાય તે ઉદેશથી કોઈપણ રાજકીય પક્ષ કે ચૂંટણીના ઉમેદવારો, સીધી કે આડકતરી રીતે સંકળાયેલ અન્ય કોઈપણ વ્યક્તિ ઉપર જણાવેલ વિગતે ત્રણથી વધુ વાહનોના બનેલ કાફલામાં કાર /વાહનમાં જવા ઉપર પ્રતિબંધ ફરમાવુ છું.

(૨) "વાહનો" માં પરિવહનના હેતુ માટે ઉપયોગમાં લઈ શકાય તેવુ યંત્ર શકિતથી કે અન્ય રીતે ચાલતુ કોઈપણ પ્રકારના વાહનોનો સમાવેશ થાય છે.

(૩) આ હુકમ આણંદ જિલ્લામાં ૧૧૧-ઉમરેઠ વિધાનસભા મત વિસ્તારને લાગુ પડશે.

(૪) આ હુકમ તા.૧૫/૦૩/૨૦૨૬ થી તા.૦૬/૦૫/૨૦૨૬ સુધી અમલમાં રહેશે.

(૫) આ હુકમનો ભંગ કરનાર શખ્સ ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ ની કલમ -૨૨૩ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

અપવાદ :--

વડાપ્રધાન અને અન્ય રાજકીય નેતાઓ કે જેમને ઝેડ + સુરક્ષા આપવામાં આવી છે અને આંતકવાદીઓ તરફથી જાનનું જોખમ છે.

આજ તા.૧૮/૦૩/૨૦૨૬ના રોજ મારી સહી તથા કચેરીનો સિકકો કરવામાં આવ્યા.

ઋતુરાજ દેસાઈ
અધિક જીલ્લા મેજીસ્ટ્રેટ
આણંદ

હુકમ

ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા-૨૦૨૩ ની કલમ-૧૬૩ અન્વયેનો હુકમ

નં.પીઓએલ/૨/જાહેરનામા/એસ.આર./૪૬/૨૦૨૬ - આગામી તા.૨૩/૦૪/૨૦૨૬ના રોજ આણંદ જીલ્લામાં ૧૧૧-ઉમરેઠ વિધાનસભા મતવિસ્તારની પેટા ચૂંટણી યોજાનાર છે. ભારતના ચૂંટણી પંચના પત્ર NO.464/INST/20008/EPS, ૦૫/૧૧/૨૦૦૮ (Instruction SI.NO.114) થી સામાન્ય ચૂંટણીઓ દરમ્યાન કેટલાક સ્થાપિત હિતો દ્વારા ચૂંટણીલક્ષી જોગવાઈઓ તથા આદર્શ આચાર સંહિતાના પરિપાલનમાં અવરોધ થાય તેવા પ્રકારના વાંધાજનક SMS (SHORT MESSAGES SERVICES (SMSs) વહેતા કરવામાં આવે છે. તા. ૨૩/૦૪/૨૦૨૬ના રોજ ૧૧૧-ઉમરેઠ વિધાનસભા મત વિસ્તારની પેટા ચૂંટણી મુકત અને ન્યાયી વાતાવરણમાં યોજાય તે હેતુથી આવા વાંધાજનક SMS અટકાવવાના હેતુ માટે નીચે જણાવ્યા મુજબના પ્રતિબંધ ફરમાવવા જરૂરી જણાય છે.

વાસ્તે, હું ઋતુરાજ દેસાઈ, જી.એ.એસ., અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, આણંદ, ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા-૨૦૨૩ ની કલમ-૧૬૩ થી મને મળેલ અધિકારની રૂઈએ નીચે પ્રમાણે હુકમ ફરમાવું છું.

(૧) ભારતના ચૂંટણી પંચ ધ્વારા બહાર પાડવામાં આવેલ આદર્શ આચાર સંહિતા ચૂંટણી ખર્ચ નિયંત્રણ સંબંધી જોગવાઈઓ તેમજ પેટા ચૂંટણીને લગતી કોઈપણ જોગવાઈઓનો ભંગ થાય તેવા પ્રકારના વાંધાજનક SMS કે Bulk SMS / MMS કોઈપણ ઉમેદવાર / વ્યકિત / રાજકીય પક્ષ કે સંસ્થાએ પ્રસારિત કરવા નહીં કે વહેતા મુકવા નહીં. (ie, transmit કરવા નહીં)

(૨) ચૂંટણી દૂષિત થાય, તેવા રાજકીય પ્રકારના કોઈપણ પ્રકારના SMSs / Bulk SMS /MMS તા. ૨૧/૦૪/૨૦૨૬ ના રોજ ચૂંટણી પ્રચાર પૂર્ણ થવાના સમયથી મતદાન પુર્ણ થતાં સુધી transmit કરી શકાશે નહીં.

(૩) આ હુકમ આણંદ જિલ્લામાં ૧૧૧-ઉમરેઠ વિધાનસભા મત વિસ્તારમાં લાગુ પડશે.

(૪) આ હુકમ તા.૧૫/૦૩/૨૦૨૬ થી તા.૦૬/૦૫/૨૦૨૬ સુધી અમલમાં રહેશે.

(૫) આ હુકમનો ભંગ કરનાર શખ્સ ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ ની કલમ-૨૨૩ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

આજ તા.૧૮/૦૩/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કચેરીનો સિકકો કરવામાં આવ્યા.

ઋતુરાજ દેસાઈ
અધિક જીલ્લા મેજીસ્ટ્રેટ
આણંદ

હુકમ

ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા-૨૦૨૩ ની કલમ-૧૬૩ અન્વયેનો હુકમ

નં.પીઓએલ/૨ જાહેરનામા/એસ.આર./ ૪૭ /૨૦૨૬ - આગામી તા. ૨૩/૦૪/૨૦૨૬ના રોજ ૧૧૧-ઉમરેઠ વિધાનસભા મત વિસ્તારની પેટા ચૂંટણીઓ યોજાનાર છે. ભારતીય નિર્વાચન આયોગ, નવી દિલ્હીના પત્ર નં.૪૩૭ /૬/૨૦૦૬/પી.એલ.એન/III / (Vol. II), તા.૦૧/૦૪/૨૦૦૬ થી જણાવ્યા મુજબ ચૂંટણી પ્રક્રિયા દરમ્યાન સરકારી/જાહેર સાહસોના ગેસ્ટહાઉસ / રેસ્ટહાઉસમાં ચૂંટણી સાથે સંકળાયેલ સ્ટાફ તથા નિરીક્ષકશ્રીઓને રોકાણ માટે રૂમ મળી રહે તે માટે આવા ગેસ્ટહાઉસ / રેસ્ટહાઉસ ઉપર જરૂરી પ્રતિબંધો મુકવા જણાવેલ છે.

વાસ્તે, હું ઋતુરાજ દેસાઈ, જી.એ.એસ., અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, આણંદ, ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા-૨૦૨૩ ની કલમ-૧૬૩થી મને મળેલ અધિકારની રૂઈએ નીચે પ્રમાણે ફરમાવું છું.

(૧) આચારસંહિતાના સમયગાળા દરમ્યાન કોઈપણ કેન્દ્ર અથવા રાજ્ય સરકારશ્રીના મંત્રીશ્રી, સંસદસભ્યશ્રી, ધારાસભ્યશ્રી, રાજકીય હોદેદારો સરકારશ્રીના કોઈપણ ગેસ્ટ હાઉસ, રેસ્ટ હાઉસ, કેન્દ્ર કે રાજ્ય સરકારશ્રીના જાહેર સાહસોના ગેસ્ટ હાઉસમાં રોકાણ કરી શકશે નહીં.

અપવાદ:-

(૨) Z કેટેગરી કે તેની સમકક્ષ સલામતી કવચ ધરાવતા રાજકીય હોદેદારો ઉપર જણાવેલ ગેસ્ટ હાઉસમાં ચૂંટણી સાથે સંકળાયેલા અધિકારીશ્રીને ફાળવવામાં આવેલ ન હોય તો આપી શકાશે. પરંતુ આવા રાજકીય હોદેદારો તેમના આવા રોકાણ દરમ્યાન ગેસ્ટ હાઉસમાં કોઈ રાજકીય પ્રવૃત્તિ કરી શકશે નહીં.

(૩) આ હુકમ આણંદ જિલ્લામાં ૧૧૧-ઉમરેઠ વિધાનસભા મત વિસ્તારમાં લાગુ પડશે.

(૪) આ હુકમ તા. ૧૫/૦૩/૨૦૨૬ થી તા.૦૬/૦૫/૨૦૨૬ સુધી અમલમાં રહેશે.

(૫) આ હુકમનો ભંગ કરનાર શખ્સ ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ ની કલમ-૨૨૩ હેઠળ શિક્ષાને પાત્ર

આજ તા.૧૮/૦૩/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કચેરીનો સિકકો કરવામાં આવ્યા.

ઋતુરાજ દેસાઈ
અધિક જીલ્લા મેજીસ્ટ્રેટ
આણંદ

હુકમ

ભારતીય નારીક સુરક્ષા સંહીતા ૨૦૨૩ની કલમ ૧૬૩ હેઠળ બહાર પાડેલ જાહેરનામુ

નં.પીઓએલ/૨/જાહેરનામા/એસ.આર./૪૮/૨૦૨૬ - ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર ધ્વારા ગુજરાત કોમન એન્ટરન્સ ટેસ્ટ (ગુજસેટ)-૨૦૨૬ ની પરીક્ષા આગામી તા.૨૯/૦૩/૨૦૨૬ને રવિવાર ના રોજ યોજાનાર છે. જે અન્વયે અત્રેના આણંદ જિલ્લામાં સામેલ યાદી મુજબના પરીક્ષા કેન્દ્રો ઉપર પરીક્ષાનું સુચારુ અને નિષ્પક્ષ સંચાલન થાય તેમજ પરીક્ષા દરમીયાન કોઈ અનિચ્છનીય બનાવ ન બને તે માટે જીલ્લા શિક્ષણ અધિકારીશ્રી, આણંદે તેમના તા.૧૭/૦૩/૨૦૨૬ના પત્ર નં.પરીક્ષા/ગુજકેટ/૨૦૨૬/૬૨૨૪-૨૫થી જાહેરનામુ પ્રસિધ્ધ કરવા દરખાસ્ત કરેલ છે.

વાસ્તે, હું ઋતુરાજ દેસાઈ (G.A.S), અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, આણંદ ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા- ૨૦૨૩ની કલમ-૧૬૩ થી મને મળેલ સત્તાની રૂઈએ ત૨૯/૦૩/૨૦૨૬ને રવિવારના રોજ સવારના ૦૯:૦૦ થી બપોરના ૧૭:૦૦ કલાક દરમ્યાન સામેલ યાદી મુજબના પરીક્ષા કેન્દ્રએ નીચે મુજબના કૃત્યો કરવા ઉપર પ્રતિબંધ ફરમાવું છું.

પ્રતિબંધ -

(૧) પરીક્ષા કેન્દ્રની કંપાઉન્ડની દિવાલની ૨૦૦ મીટરની ત્રિજ્યામાં પરીક્ષાર્થી ઉમેદવારો અને પરીક્ષાની કામગીરીમાં સેકાયેલ અધિકૃત વ્યકિત સિવાય અન્ય કોઈપણ બિન અધિકૃત વ્યકિત તથા સંબંધિત પરીક્ષા કેન્દ્ર જે શાળામાં આવેલ હોય તે શાળાના સંચાલક મંડળના સભ્યશ્રીઓ કે હોદેદારોને પરીક્ષા કેન્દ્રમાં કે કેન્દ્રની ૨૦૦ મીટરની ત્રિજ્યામાં પરીક્ષાના દિવસે અને સમય દરમ્યાન પ્રવેશ માટે પ્રતિબંધ ફરમાવું છું?

(૨) પરીક્ષા કેન્દ્રની કંપાઉન્ડની દિવાલની ૨૦૦ મીટરથી ૩૦૦ મીટરની ત્રિજ્યામાં આવેલા તમામ ઝેરોક્ષ મશીન, સાયબર કાફે, ફોટોકોપી સેન્ટર પરીક્ષાના દિવસો દરમ્યાન સવારના ૧૦:૦૦ થી સાંજના ૧૭:૦૦ કલાક દરમ્યાન ચાલુ રાખવા ઉપર પ્રતિબંધ ફરમાવું છું.

(૩) પરીક્ષાના કેન્દ્રમાં કોઈપણ પરીક્ષાર્થી તેમજ પરીક્ષા સાથે સંકળાયેલ કોઈ પણ કર્મચારી (સરકારી પ્રતિનિધિ સિવાય) તેઓને મોબાઈલ ફોન કે ઈલેક્ટ્રોનિક માધ્યમથી સંદેશા વ્યવહાર કે રેકોર્ડીંગ થઈ શકે તેવા કોઈપણ પ્રકારના ઉપકરણો પરીક્ષા બિલ્ડીંગમાં લઈ જવા પર પ્રતિબંધ ફરમાવું છું.

(૪) પૈરીક્ષા કેન્દ્રોની કંપાઉન્ડની દિવાલની ૨૦૦ મીટરની ત્રિજયામાં પરીક્ષાર્થી ઉમેદવારો અને પરીક્ષાની કામગીરીમા રોકાયેલ અધિકૃત વ્યક્તિ સિવાય અન્ય કોઈપણ બિન અધિકૃત વ્યક્તિ ચાર કરતાં વધારે માણસોએ ભેગા થવું નહિ ચાર કરતાં વધુ માણસોની કોઈ સભા ભરવી કે બોલાવવી નહી અથવા સરઘસ કાઢવું નહીં,

(૫) પરીક્ષા કેન્દ્રની કંપાઉન્ડની દિવાલની ૨૦૦ મીટરની ત્રિજયામાં જાહેરમાં લાઉડસ્પીકર કે મ્યુઝિક બેન્ડ કે ડી.જે. મ્યુઝિક સીસ્ટમ વગાડવા પર સંપૂર્ણ પ્રતિબંધ

અપવાદ :-

કાયદો અને વ્યવસ્થાના ઈન્ચાર્જ અધિકારીશ્રીઓ અને પરીક્ષા કેન્દ્ર નજીક પર મુકેલા સલામતી કર્મચારીઓ તથા પરીક્ષાની ફરજોનો હવાલો સંભાળતા અધિકારીઓ તેમની વિધિસરની ફરજો દરમ્યાન આવા સાધનોનો ઉપયોગ કરી શકશે.

આ હુકમ આણંદ જિલ્લામાં ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર દ્વારા ગુજરાત કોમન એન્ટરન્સ ટેસ્ટ (ગુજસેટ)-૨૦૨૬ માટે સામેલ યાદી મુજબના પરીક્ષા કેન્દ્રો ઉપર લાગુ પડશે.

આ હુકમનો ભંગ કરનાર ઈસમ ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ની કલમ-૨૨૩ મુજબ શિક્ષાને પાત્ર થશે. આ હુકમ અન્વયે હેડ કોન્સ્ટેબલ અને તેનાથી ઉપરના દરજ્જાના કોઈપણ પોલીસ અધિકારીશ્રીઓને જાહેરનામાં ભંગ બદલ ફરીયાદ દાખલ કરવા અધિકૃત કરૂ છુ.

જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી,આણંદ જિ.આણંદ

ગુજરાત કોમન એન્ટરન્સ ટેસ્ટ (ગુજકેટ) ૨૦૨૬

પરીક્ષા બિલ્ડીંગની યાદી દર્શાવતું પત્રક

તારીખ :૨૯/૦૩/૨૦૨૬ રવિવાર — સમય:૧૦.૦૦ થી ૧૬.૦૦

ક્રમ	બિલ્ડીંગનું નામ	બિલ્ડીંગનું સરનામું	ઇન્ચાર્જ વ્યક્તિનું નામ અને ફોન નંબર	ઉપયોગ માં લેવાનાર રૂમની સંખ્યા	વિદ્યાર્થી સંખ્યા
1	ડી. એન. હાઈસ્કુલ, આણંદ યુનીટ-૧	સ્ટેશન રોડ, SBI બેંકની બાજુમાં, આણંદ, જિ. આણંદ	શ્રી ગીરીશભાઈ પટેલ ૯૨૨૮૭ ૪૧૪૨૪	૧૨	૨૪૦
2	આર.પી.ટી.પી. હાઈસ્કૂલ વિદ્યાનગર, યુનિટ-1	આર.પી.ટી.પી સાયન્સ કોલેજ બિલ્ડીંગ, પોસ્ટ ઓફિસ પાસે,મોટા બજાર, વિદ્યાનગર, જિ. આણંદ	શ્રી હેમંતકુમાર પટેલ ૯૪૨૭૩૨૧૫૮૩	૧૨	૨૪૦
3	સરદાર વલ્લભભાઈ પટેલ હાઈસ્કુલ, ખેતીવાડી, આણંદ	જગનાથ મહાદેવ મંદિર પાસે,લાડગુડ રોડ, આણંદ, જિ. આણંદ	શ્રીયોગેશભાઈ પટેલ ૯૮૦૯૨ ૧૧૯૧૩	૧૨	૨૪૦
4	આણંદ હાઈસ્કુલ, આણંદ	ટાઉન હોલ સામે, આણંદ, જિ. આણંદ	શ્રી કૃણાલભાઈ રાણા ૯૮૯૮૨૬૪૬૨૬	૧૨	૨૪૦
5	ગો.જો. શારદા મંદિર , વિદ્યાનગર	ભાઈકાકા સ્ટેચ્યુ પાસે, વિદ્યાનગર	શ્રી યામિનિભેન પટેલ ૯૯૭૪૬ ૮૮૦૨૯	૮	૧૬૦
6	કસ્તુરબા કન્યા વિદ્યાલય, આણંદ	ડી. એન. કેમ્પસ, સ્ટેશન રોડ, આણંદ, જિ. આણંદ	શ્રી નિરાલીબેન ખંડેલવાલ ૮૩૨૦૮ ૧૧૨૯૯૮	૧૨	૨૪૦
7	ડી. એન. હાઈસ્કુલ, આણંદ યુનીટ-૨	સ્ટેશન રોડ, SBI બેંકની બાજુમાં, આણંદ, જિ. આણંદ	શ્રી પ્રમોદભાઈ એન ચૌધરી ૯૪૨૭૦૬૩૨૧૭	૧૨	૨૪૦
8	ટી. વી. પટેલ હાયર સેકંડરી, વિદ્યાનગર	નલિની કોલેજ પાછળ, BoB નજીક, નાના બજાર, વિદ્યાનગર, જિ.આણંદ	શ્રી વિજયકુમાર સુથાર ૯૮૭૯૬૨૫૨૫૧૧	૧૧	૩૦૦
9	આઈ બી પટેલ ઈંગ્લીશ મિડીયમ સ્કુલ,વિદ્યાનગર	જનતા રેલ્વે ક્રોસિંગ, વી. વી. નગર જિ. આણંદ	શ્રી ભાવેશભાઈ ભટ્ટ ૯૪૨૬૦૩૭૫૪૬	૮	૧૬૦
10	એમ.એસ.મિસ્ત્રી ટ્રીભાષી શાળા, વિદ્યાનગર	ભાઈકાકા સ્ટેચ્યુ પાસે, વિદ્યાનગર	શ્રી રાહુલભાઈ સોલંકી ૯૮૨૪૧ ૨૭૬૩૬	૧૦	૨૦૦
11	એમ.યુ. પટેલ હાઈસ્કુલ	ભાઈકાકા સ્ટેચ્યુ પાસે, ફાઈન આર્ટસ કોલેજ પાસે, વિદ્યાનગર, આણંદ	શ્રી વસીમકુમાર પાઠક ૯૪૨૬૨૬૪૨૧૪	૮	૧૬૦

ક્રમ	બિલ્ડીંગનું નામ	બિલ્ડીંગનું સરનામું	ઈન્ચાર્જ વ્યક્તિનું નામ અને ફોન નંબર	ઉપયોગ મા લેવાનાર રૂમની સંખ્યા	વિદ્યાર્થી સંખ્યા
12	એસ ડી દેસાઈ હાઈસ્કુલ, વિદ્યાનગર	વિદ્યાનગર, બાકરોલ ગેટ પાસે, જી સેટ કોલેજની બાજુમાં, વિદ્યાનગર, જી. આણંદ	શ્રી ધર્મેન્દ્રભાઈ ત્રિવેદી ૯૯૨૫૧૫૮૬૭૧	૮	૧૬૦
13	મહાત્મા ગાંધી વિદ્યાલય, મોગરી	મોગરી, મહાત્મા ગાંધી વિદ્યાલય, મોગરી તા. જિ. આણંદ	શ્રી હેમંતભાઈ દવે ૯૮૨૫૪ ૩૬૭૪૩	૧૨	૨૪૦
14	ચરોતર ઈંગ્લીશ મિડિયમ સ્કૂલ, યુનિટ-૧ આણંદ	ડી. એન. કેમ્પસ, સ્ટેશન રોડ, આણંદ, જિ. આણંદ	શ્રી કાર્તિકભાઈ પટેલ ૯૯૧૩૬૦૧૨૦૧	૧૨	૨૪૦
15	ચરોતર ઈંગ્લીશ મિડિયમ સ્કૂલ, યુનિટ-૨ આણંદ	ડી. એન. કેમ્પસ, સ્ટેશન રોડ, આણંદ, જિ. આણંદ	શ્રી કૃચિતા ચાવડા ૯૯૧૩૬ ૦૧૨૦૧	૧૦	૨૦૦
16	ડી. એડ. પટેલ હાઈસ્કૂલ, આણંદ	૮૦ ફૂટ રોડ, આણંદ વિદ્યાનગર રોડ, આણંદ	શ્રી તેજલબેન જાની ૭૪૦૫૧૭૭૦૫૦	૧૦	૨૦૦
17	જે.પી.ઠક્કર હાઈસ્કૂલ, આણંદ	એન. એસ. પટેલ સર્કલ પાસે, આણંદ	શ્રી પ્રણવભાઈ દવે ૯૦૩૩૪ ૩૭૧૦૨	૧૨	૨૪૦
18	ચરોતર મિલ્લત હાઈસ્કુલ, આણંદ	ભાલેજ ઓવરબ્રીજ પાસે, આણંદ	શ્રી સલીમાબેન ભીમાણી ૯૮૯૮૧૬૦૧૫૬	૧૦	૨૦૦
19	નોલેજ હાઈસ્કૂલ, યુનિટ-૧	બાકરોલ તા. જિ. આણંદ	શ્રી કૌશિકા આચાર્ય ૯૧૫૭૦ ૨૭૧૧૦	૧૦	૨૦૦
20	નોલેજ હાઈસ્કૂલ, યુનિટ-૨	બાકરોલ તા. જિ. આણંદ	શ્રી અક્ષયકુમાર આર. પટેલ ૯૭૯૩૪૮૦૯૬૩	૧૦	૨૦૦
21	નોલેજ હાઈસ્કૂલ, યુનિટ-૩	બાકરોલ તા. જિ. આણંદ	શ્રી ધ્રુવ બારોટ ૭૪૦૫૪૪૫૪૨૨	૮	૧૮૦

ઝોનલ અધિકારીનું નામ : શ્રી હેમંતકુમાર જે. કા. પટેલ
મો.નંબર : ૯૯૭૮૨ ૫૩૧૩૪

આજ તા.૨૦//૦૩/૨૦૨૬ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરવામાં આવ્યા.

ઋતુરાજ દેસાઈ
જિલ્લા શિક્ષણાધિકારી
આણંદ

અખબારી યાદી

નં.પીઓએલ/૨/વશી/૯૪૯/૨૦૨૬ - આગામી તા. ૨૩/૦૪/૨૦૨૬ ના રોજ ૧૧૧-ઉમરેઠ વિધાનસભા મત વિસ્તારની પેટા ચૂંટણી યોજાનાર છે. જેના સંદર્ભમાં આણંદ જિલ્લામાં ૧૧૧-ઉમરેઠ વિધાનસભા મત વિસ્તાર તમામ પ્રિન્ટીંગ પ્રેસ ધરાવનારાઓનું ધ્યાન ભારતના ચુંટણી પંચની સુચના તરફ દોરવામાં આવે છે. તે અનુસાર જિલ્લાના તમામ પ્રેસ માલિકોને જણાવવાનું કે :-

(૧) કોઈપણ વ્યકિત જેના પર તેના મુદ્રક અને પ્રકાશકના નામ અને સરનામા ન હોય એવા ચુંટણીને લગતા ચોપાનીયા કે ભીતપત્રો છાપી કે પ્રસિધ્ધ કરી શકશે નહી અથવા છપાવી કે પ્રસિધ્ધી કરાવી શકશે નહી.

(૨) પ્રકાશકની ઓળખ અંગેના બે વ્યક્તિઓએ શાખ કરેલા એકરારનામાની બે નકલ મુદ્રકને જોડાણ-ક માં આપવાની રહેશે. અને મુદ્રકે અથવા એકરારનામા બે નકલમાં મેળવી લેવાના રહેશે.

(૩) દરેક મુદ્રણાલય, ફોટોકોપી કરનાર કે રોનીયો કોપી કાઢનાર કે કોમ્પ્યુટર પ્રિન્ટ કાઢનાર એ ચુંટણી સાહિત્ય છપાયા પછી એકરારપત્રની એક નકલ અધિકૃત કરી તથા છાપેલ સાહિત્યની એક નકલ (વધારાની ત્રણ નકલ સાથે) કલેકટર અને જિલ્લા મેજીસ્ટ્રેટશ્રીને દિવસ-૩ માં મોકલી આપવાની રહેશે.

(૪) ઉપર ક્રમ-૧ થી ૩ માં દર્શાવેલ જોગવાઈઓનો ભંગ કરનાર વ્યકિત સામે પ્રેસ રજીસ્ટ્રેશન એકટ હેઠળ પગલા લેવામાં આવશે. મુદ્રણાલયનું લાયસન્સ રદ કરવાની કાર્યવાહી કરવામાં આવશે તથા ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ ની કલમ-૨૨૩ ની જોગવાઈ અનુસાર પગલા લેવામાં આવશે.

(૫) આવા લખાણોમાં ધર્મ, જાતિ, જ્ઞાતિ, કોમ કે ભાષાને આગળ ધરીને અપીલ કરવી અથવા વિરોધી ઉમેદવારના ચારિત્યખંડન જેવી કોઈ ગેરકાનુની બાબતોનો સમાવેશ કરી શકાશે નહીં.

(૬) મુદ્રકે પ્રકાશકના એકરારપત્રની નકલ પ્રમાણિત કરીને તથા છાપેલા દસ્તાવેજોની વિગત જોડાણ-ખ માં અલગ અલગ રીતે દિવસ-૩ માં જિલ્લા મેજીસ્ટ્રેટને રજુ કરવાની રહેશે.

(૭) જિલ્લા તમામ પ્રિન્ટીંગ પ્રેસ ધરાવનારાઓએ કે ફોટો કોપી કે લેઝર પ્રિન્ટીગ કરનાર કે રોનીયો કોપી કરનાર કે કોમ્પ્યુટર પ્રિન્ટ કરનાર સંચાલકોએ તેમના નામ-સરનામા અંગેની માહિતી દિવસ-૨ માં સબંધિત મામલતદારશ્રીની કચેરીના સરનામે મોકલી આપવાની રહેશે.

(૮) મતદારોના માર્ગદર્શન માટે છપાવવામાં આવતી ઓળખ કાપલીમાં કોઈ ચોકકસ ઉમેદવાર કે પક્ષનો પ્રચાર થાય તેવી કોઈ વિગત છપાવી શકાશે નહી એટલે કે ઓળખ કાપલીમાં પ્રકાશક, ઉમેદવાર કે પક્ષ નામ છપાવવાના રહેશે નહીં.

ઉપર મુજબની કાર્યવાહીનો ચુસ્તપણે અમલ કરવા સબંધકર્તાએ નોંધ લેવી.

આજ તા.૧૮/૦૩/૨૦૨૬ના રોજ મારી સહી તથા કચેરીનો સિકકો કરવામાં આવ્યા.

ઋતુરાજ દેસાઈ
અધિક જીલ્લા મેજીસ્ટ્રેટ
આણંદ

Signature Not Verified
Signed by : KAPADIYA ANANDKUMAR DAHYABHAI
Manager
Government Press & Stationery, Vadodara
Date : 2026.04.24 16:18:56 IST